તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૧ | ૧૨ નવેમ્બર, ૨૦૧૬, શનિવાર ; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
3
તાનું અખબ


# બીજા દિવસે પણ બેંકોની બહાર કતારો

## વહેલી સવારથી જ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બદલવા તથા એટીએમ પણ ખુલી જતાં એટીએમ ઉપર પણ લાંબી લાઈનો : ઘણી જગ્યાએ એટીએમ બંધ રાખવાની ફરજ પડી




નવી દિલ્હી,તા. ૧૧

અમદાવાદ સહિત દેશના તમામ મોટા શહેરોમાં બુધવારના દિવસે બેંક બંધ રહ્યા બાદ સતત બીજા દિવસે પણ સવારથી જ બેંકોની બહાર પોતાના જુના નોટને બદલી નાંખવા માટે આ લાઈન જોવા મળી હતી. બે દિવસ સુધી એટીએમને બંધ રાખવામાં આવ્યા બાદ આજે એટીએમ પણ ખુલી ગયા હતા. જેથી એટીએમ પણ લોકોની લાંબી લાઈન જોવા મળી હતી. બીજી બાજુ અફડાતફડી અને ભીડને ધ્યાનમાં લઈને તમામ બેંકોમાં પુરતી સંખ્યામાં પોલીસ સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. લોકોની મદદ માટે અલગ કાઉન્ટર બેંકમાં રાખવામાં આવ્યા હતા. નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સવારે બેંક ખુલ્લી ગયા બાદ લોકોની ભારે ભીડ તમામ જગ્યાએ જોવા મળી હતી. લોકોની સુવિધા માટે શનિવાર અને રવિવારના દિવસે પણ બેંકોને ખુલ્લી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સતત બીજા દિવસે સવારમાં અમદાવાદમા નોટને બદલી નાંખવા માટે બેંકોની બહાર જોરદાર ભીડ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે એકાએક રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦૦ની નોટને તાત્કાલિક અસરથી બંધ

● અનુસંધાન પાન-૭ પર

### પુરતા પ્રમાણમાં જ રોકડ ઉપલબ્ધ : આરબીઆઈ

નવીદિલ્હી, તા. ૧૧

દેશમાં ભારે અફડાતફડીના દોર વચ્ચે રિઝર્વ બેંકે આજે લોકોને ખાતરી આપતા કહ્યું હતું કે, પરેશાન થવાની જરૂર નથી. લોકોની તકલીફોને ધ્યાનમાં લેવામાં આવી છે. પુરતા પ્રમાણમાં રોકડ રકમ ઉપલબ્ધ થઈ ચુકી છે. નોટ બદલતી વેળા ધીરજ રાખવાની જરૂર છે.

રૂપિયા ૨૦૦૦ની નવી નોટો અને અન્ય જુદા જુદા દરની નોટો ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. બેંકોમાં પુરતા નાણા ઠાલવવામાં આવી રહ્યા છે. દેશભરમાં નાણા પહોંચી ચુક્યા છે.

# સરકારી વેરા, હોસ્પિટલ, પેટ્રોલ પંપ પર જુની નોટો ૭૨ કલાક અમલી

## ૧૪મીની મધરાત સુધી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ અમલી રાખવા સરકારનો વધુ એક નિર્ણય : રેલવ, એર, બસ ટિકિટ બુકિંગ થઇ શકશે : હાઈવે ઉપર અવરજવરને સાનુકુળ રાખવા ટોલ ટેક્સની મર્યાદા વધી

નવી દિલ્હી, તા.૧૧

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જુની નોટનો ઉપયોગ કરવાને લઈને સરકારે વધુ રાહત આપી દીધી છે. હવે વધુ ૭૨ કલાક સુધી જુની નોટનો ઉપયોગ પબ્લિક યુટિલીટી બિલ સાથે કરી શકાશે. એટલે કે, પેટ્રોલ પંપ, હોસ્પિટલ, ટ્રેન ટિકિટ બુકિંગ, એર અને બસ ટિકિટ બુકિંગમાં તેનો ઉપયોગ થઈ શકશે. સરકાર દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય લોકોને રાહત આપશે. બે મોટી નોટો ઉપર ૮મી નવેમ્બરના દિવસે પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આજે નેશનલ હાઈવે પર અવરજવરને સરળ બનાવવા માટે ટોલ ટેક્સ ઉપર છુટની મર્યાદા ૧૪મી નવેમ્બર સુધી વધારી દેવામાં આવી છે. વાહનચાલકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ પ્રધાન નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે ૧૪ નવેમ્બરને મધરાત સુધી દેશના તમામ નેશનલ હાઈવે ટોલ ટેક્સ ફ્રી રહેશે. આ ટોલ ટેક્સ ફ્રીની મુદત આજે મધરાતે પુરી થતી હતી. પણ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બધી બેંકોમાં નવી નોટ પહોંચાડી શકી નથી. આજે બધી બેંકોમાં કેશ ખલાશના પાટિયા લાગી ગયા હતા. એટીએમમાં પણ રોકડ રકમ ખલાસ થઈ ગઈ હતી અને દેશમાં બધે અરાજકતા સર્જાઈ છે. હજુ આમ જનતા સુધી નવી નોટો પહોંચી નથી, પરિણામે કેન્દ્ર સરકારને ટોલ ટેક્સ ફ્રીની મુદતમાં વધારો કરવો પડ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ કેન્દ્રના ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝ ખાતાના પ્રધાન નિતિન ગડકરીએ જાહેરાત કરી છે કે, ૧૧ નવેંબરની મધરાત સુધી દેશભરમાં તમામ નેશનલ હાઈવે ટોલ મુક્ત રહેશે.

# ભારત-જાપાન વચ્ચે બિન લશ્કરી ઉપયોગ માટે અણુ સમજૂતિ

## મોદી અને સિંજો વચ્ચે ચર્ચા બાદ બિન અણુ પસારવાદ સમજૂતિ ઉપર હસ્તાક્ષર નહીં કર્યા હોવા છતાં ભારત સાથે જાપાનની ઐતિહાસિક નાગરિક પરમાણુ સમજૂતિ



ટોકિયો,તા. ૧૧

ભારત અને જાપાને આજે બિનલશ્કરી ઉપયોગ માટે ઐતિહાસિક નાગરિક પરમાણુ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. પરમાણુ બિન પસારવાદ સમજૂતિ પર હસ્તાક્ષર નહીં કર્યા હોવા છતાં ભારત સાથે જાપાને આ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરીને તમામના દિલ જીતી લીધા છે. ભારત ઉપર વિશ્વાસ રાખીને આસમજૂતિ કરવામાં આવી છે. તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાની વડાપ્રધાન સિંજો અબે વચ્ચે વાતચીત થઈ હતી જેમાં દ્વિપક્ષીય આર્થિક સંબંધોને મજબૂત કરવાના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. સુરક્ષા પાસાઓને મજબૂત કરવાનો મુદ્દો પણ છવાયો હતો. ભારતમાં એટોમિક પ્લાન્ટ સ્થાપિત કરવા માટેની વાત પણ થઈ હતી.

નાગરિક પરમાણુ ઉર્જા સેક્ટરમાં સહકાર માટે સમજૂતિ થઈ હતી. ગયા વર્ષે ડિસેમ્બરમાં જાપાની વડાપ્રધાન ભારતની યાત્રાએ આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, બંને દેશો જુદા જુદા ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજકોટ ટેસ્ટમાં ઈંગ્લેન્ડના ૫૩૭ સામે ભારતના ૪ વિકેટે ૩૧૯ રન

## ઘરઆંગણે ચેતેશ્વર પુજારાએ શાનદાર ૧૨૪ રન ફટકાર્યા : મુરલી વિજય ૧૨૬ રન કરીને આઉટ થયો : પુજારા અને વિજય વચ્ચે બીજી વિકેટની ભાગીદારીમાં ૨૦૦થી વધુ રનથી ભારત પણ જંગી જુમલાની તરફ





રાજકોટ, તા. ૧૧

રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે રમત બંધ રહી ત્યારે ઈંગ્લેન્ડના પ્રથમ દાવમાં ૫૩૭ રન ઓલઆઉટના જવાબમાં ભારતે તેના પ્રથમ દાવમાં ૪ વિકેટે ૩૧૯ રન કર્યા હતા. ભારત તરફથી મુરલી વિજય ૧૨૬ અને ચેતેશ્વર પુજારા ૧૨૪ રન કરીને આઉટ થયા હતા. આ બંનેએ બીજી વિકેટની ભાગીદારીમાં ૨૦૦ રનથી વધુ ઉમેર્યા હતા. ઘરઆંગણે ચેતેશ્વર પુજારાએ ૨૦૬ બોલમાં ૧૭ ચોગ્ગા સાથે ૧૨૪ રન કર્યા હતા જ્યારે મુરલી વિજયે ૯ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૧૨૬ રન કરીને આઉટ થયો હતો. આજે રમત બંધ રહી ત્યારે વિરાટ કોહલી ૨૬ રન સાથે રમતમાં હતો. આવતીકાલની રમત બંને ટીમો માટે ખુબ જ ઉપયોગી રહેનાર છે. ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં જંગી જુમલો ખડક્યા બાદ ભારત પણ જંગી જુમલાની દિશામાં આગળ વધી રહ્યું છે. વિરાટ કોહલીની બેટિંગ ઉપર નજર રહેશે. હજુ રહાણે, જાડેજા અને અશ્વિનની બેટિંગ બાકી હોવાથી ભારત પણ જંગી જુમલો ખડકી શકે છે. આ ટેસ્ટ મેચમાં પરિણામ આવવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. કોઇ ચમત્કાર ન થાય તો આ ટેસ્ટ મેચ જંગી જુમલાવાળી બની રહેશે અને ડ્રોમાં પરિણમશે તેમ જાણકાર લોકો માની રહ્યા છે. અગાઉ ગઈકાલે ઈંગ્લેન્ડ તરફથી અલીએ ૧૧૭ અને સ્ટોકે ૧૨૮ રન કર્યા હતા. આ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ તરફથી હજુ સુધી ત્રણ બેટ્સમેનો સદી ફટકારી ચુક્યા છે. જેમાં જોઈ રૂટ, અલી અને સ્ટોકનો સમાવેશ થાય છે.

# શેરબજાર ધરાશાયી : ૬૯૯ પોઈન્ટ ડાઉન

## વૈશ્વિક પરિબળો અને સ્થાનિક ઘટનાક્રમ વચ્ચે મોટો ઘટાડો : સેંસેક્સ અંતે ઘટી ૨૭૦૦૦થી પણ નીચે અને નિફ્ટી ઘટીને ૮૩૦૦થી પણ નીચે પહોંચતા અફડાતફડી : બજારમાં હજુ પ્રવાહી સ્થિતિ રહેવાની શક્યતા

મુંબઈ,તા. ૧૧

શેરબજાર આજે પત્તાના મહેલની જેમ ફરી એકવાર ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. બેંચમાર્ક ઈન્ડેક્સમાં ત્રણ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. આના માટે વિવિધ પરિબળો જવાબદાર રહ્યા હતા જેમાં અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓને લઈને અટકળોનો સમાવેશ થાય છે. વધુમાં સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાના પરિણામ સ્વરુપે ટૂંકા ગાળામાં ગ્રાહક ચીજવસ્તુઓ અને અન્ય સેક્ટરો ઉપર તેની માઠી અસર થઈ છે. કાળા નાણાને રોકવા અને બનાવટી ચલણને રોકવાના હેતુસર સરકારે મંગળવારે અડધી રાતથી તાત્કાલિક અમલ સાથે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સમાં ૬૯૯ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. આની સાથે જ સેંસેક્સ ૨૬૮૧૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

સેંસેક્સે ૨૭૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી જ્યારે નિફ્ટી ૨૨૯ પોઈન્ટ ઘટીને ૮૨૯૬ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં દિવસ દરમિયાન અફડાતફડીનો દોર રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૩-૪ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૨૨૧૮ શેરમાં મંદી અને ૪૧૧ શેરમાં તેજી જામી હતી. નાણામંત્રી અરુણ જેટલી કહી ચુક્યા છે કે, પરોક્ષ કરવેરા વ્યવસ્થાને લાગૂ કરવામાં વિલંબ થઈ શકે છે. જો કે, સમયસર આને લાગૂ કરવા માટે સરકાર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે. એશિયન બજારમાં પણ આજે અફડાતફડી રહી હતી. જાપાનના શેરમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ડોનેશિયન શેરમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો.

# કાળા નાણાં નાથવાના પ્રયાસનો વિરોધ કેમ : અમિત શાહ

## રાહુલ, માયા, કેજરીવાલને અમિત શાહનો પ્રશ્ન : ત્રાસવાદીની જગ્યાએ વિરોધ પક્ષ કેમ ભયભીત

નવીદિલ્હી,તા. ૧૧

ભાજપ પ્રમુખ અમિત શાહે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ




ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આનો વિરોધ કરી રહેલા વિરોધ પક્ષોની આજે જોરદાર ઝાટકણી કાઢી હતી. કેન્દ્રના નિર્ણયનો વિરોધ શા માટે કરી રહ્યા છે તે અંગે ખુલાસો કરવા વિરોધ પક્ષોને અમિત શાહે ખુલ્લો પડકાર ફેંક્યો છે. ભાજપને પહેલાથી જ આ નિર્ણયની જાણ હતી તેવા આક્ષેપોને અમિત શાહે ફગાવી દીધા હતા. ઉત્તર પ્રદેશ અને પંજાબમાં ચૂંટણી લાભ લેવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે તેવા આક્ષેપોને પણ ફગાવી દીધા હતા. અમિત શાહે કહ્યું હતું કે, આ લોકશાહી છે. દેશના હિતમાં તમામ નિર્ણય કરાઈ રહ્યા છે. લોકશાહીમાં ચૂંટણી સભા થતી રહે છે. આગામી વર્ષે બે ચૂંટણી યોજાનાર છે. તેમણે ચાર રાજકીય પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી અને નોટ પર પ્રતિબંધ મુકવા બદલ હોબાળો કરવાના મુદ્દે તેમની ટિકા કરી હતી. આ હિલચાલ કાળા બજારિયાઓ અને આતંકવાદીઓમાં દહેશત મુકવાના હેતુસર હાથ ધરવામાં આવી છે ત્યારે રાજકીય પક્ષો કેમ હોબાળો મચાવી રહ્યા છે તે બાબત સમજાઈ રહી નથી. રાહુલ ગાંધી, મુલાયમ, માયાવતી અને અરવિંદ કેજરીવાલને રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાથી સમસ્યા શું છે તે અંગે તેવો લોકોને જવાબ આપે તેમ અમે કહીએ છીએ. રાજનીતિને સ્વચ્છ કરવા માટે આ ઝુંબેશ કરવામાં આવી છે. આ નેતાઓ કાળા નાણાની તરફેણમાં છે કે વિરુદ્દમાં તે બાબત લોકોને સમજાઈ રહી નથી.


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

આયુર્વેદિક દવાઓ
NAGARJUNA | BAN Since 1966 | Himalaya | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415